# છૂક છૂક ગાડી

(બાલકાવ્યો)


**લેખક**

**ચંદ્રકાન્ત રાવ**

સી / ૧૩, કસ્તુરીનગર, માંજલપુર નાકા,

લાલબાગ રોડ, વડોદરા – ૩૯૦ ૦૦૪

સંપર્ક : ૨૬૫૭૩૫૯ (R)



**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ



**Chhuk Chhuk Gadi**

A Collechon of Children Poetry

by Chandrakant Rao



© શ્રીમતી કલાબેન સી. રાવ



**છૂક છૂક ગાડી**

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧

નકલ : ૧૦૦૦

**કિંમત : રૂા. ૩૦/-**

**આવરણ**

દિપ્તી ચૌહાણ, બાકરોલ

**સજાવટ**

ગુર્જરી સાહિત્યાલય, ડાકોર

**મુદ્રક**

ચરોતર સાહિત્યાલય, નડીયાદ

**પ્રકાશક**

**એમ.એમ.સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ.

# અર્પણ



પૂજ્ય માતુશ્રી

શ્રી રૂપાળીબેન હરગોવિંદદાસ રાવ

(અછાલિયા)

જન્મ તા : ૧૯૦૨

સ્વર્ગવાસ : ૩૦ - ૪ - ૨૦૦૬



પૂજ્ય પિતાશ્રી

શ્રી હરગોવિંદ દાભાઈ રાવ

(અછાલિયા)

જન્મ તા : ૧ - ૮ - ૧૮૯૨

સ્વર્ગવાસ : ૨૯ - ૧૦ - ૧૯૭૦

તમ સરીખાં પુણ્યાત્માઓ જવલ્લેજ જોયાં,
તીર્થ જેવાં જીવન તમારાં, પાવન હૈયાં,
જન્મોજન્મ આ જ હજો માત પિતા અમારાં,
એથી અધિક શું માગવું પ્રભુજી મારા?

**ચંદ્રકાન્ત રાવ**

**સૌ. કલાબેન રાવ**

## એક શાયર અને બાલકવિની નજરે
## ‘છૂક છૂક ગાડી’ની સવારીનો આનંદ

શ્રી ચંદ્રકાન્ત રાવ સાહિત્યક્ષેત્રે અજાણ્યું નામ નથી. છ નવલકથા અને ચાર વાર્તાસંગ્રહો આપનાર આ લાગણીસર્જક છેલ્લાં કેટલાંક વરસોથી બાળસાહિત્ય સર્જનમાં રુચિ લેતા થયા છે અને ‘છૂક છૂક ગાડી’ એમનો ચોથો બાળકાવ્યસંગ્રહ છે. ગઝલ અને ગઝલ વિવેચન ક્ષેત્રે અસામાન્ય યોગદાન આપનાર સયાજીરાવની સ્વપ્ન અને સંસ્કાર નગરી વડોદરા એક દાયકાથી બાળ સાહિત્યમાં પણ અવગણી ન શકાય એવું યોગદાન આપી રહી છે. અને શ્રી ચંદ્રકાન્ત રાવ આ ક્ષેત્રમાં પણ પરિચિત નામ બની રહ્યું છે.

શ્રી ચંદ્રકાન્ત રાવ નિવૃત્ત શિક્ષક છે. તેઓ બ્રહ્મભટ્ટ સમાજના આજીવન અગ્રણી સેવક રહ્યા છે અને હાલ અગ્રણી સાહિત્ય સંસ્થા ‘પ્રેમાનંદ સાહિત્ય સભા’ના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે, ત્યારે અચરજ એ વાતનું છે કે બાળકો માટે, બાળકોને આકર્ષણ જન્માવે એવું સાહિત્ય સર્જન કરવા માટે સંવેદનશીલ હૈયું તેઓ ધબકતું રાખી શક્યા છે. એમની સજ્જનતા, નિખાલસતા અને માસુમિયતથી છલોછલ એમનો સ્વભાવ એમના બાળસાહિત્ય સર્જનનું પ્રેરણાબળ છે એવો મારો અંગત અભિપ્રાય છે.

બાળ સાહિત્યનું સર્જન લાગે છે એટલું સરળ નથી. અને આમ પણ ઉપરથી સરળ જણાતી બાબત ઊંડે ઉતરતાં એટલી સરળ મળતી

નથી. સરળતામાં આકર્ષણ જન્માવવું ખરી કસોટીનું કાર્ય છે અને એમાંયે બાળ સાહિત્યનું વયસ્ક સર્જકો દ્વારા સર્જન એ એક પ્રકારનો પરકાયા પ્રવેશ જેવો પ્રયાસ હોય છે અને એમાં સફળતા પામવી પણ એક સિદ્ધિ બની રહે છે. ઉપરાંત આત્મસંતોષ મળે એનો વિશેષ આનંદ. શ્રી ચંદ્રકાન્ત રાવ એક સારા બાળ સાહિત્યકાર તરીકે પૂર્ણ ઓળખાઈ રહ્યા છે એ બાબત પણ એમને પ્રેરણા આપતું બળ બની રહે છે.

'છૂક છૂક ગાડી' સંગ્રહમાંથી પસાર થતાં અનુભૂતિ થાય છે કે સર્જક શિશુસહજ માનસને પારખી શક્યા છે એટલું જ નહીં, તેઓ આત્મસાત્ પણ કરી શક્યા છે. બાળકોને મનગમતા વિષયોને સ્પર્શતા ચંદ્રકાન્ત રાવ બાળ સહજતામાં નવલકથાકાર વાર્તાકારના વયસ્ક સર્જક ક્યાંયે જણાતા નથી એ નોંધવા જેવી વાત બની રહી છે.

રાવસાહેબના બાળ કાવ્યોમાં એમના અંગત સંસ્કારોની ઝલક મળે છે, અર્થાત્ 'છૂક છૂક ગાડી'ના કાવ્યોમાં રમતો બાળક શ્રદ્ધાળુ અને પ્રભુભક્ત છે.

ચિંતા નથી કશી અમારે,
ખોળે છીએ પ્રભુ તમારે,
બાળક જાણી દર્શન દેજો,
પ્રભુ સદા અમ હૈયે રે'જો (પૃ-૫૪)



ડાંગ લાંબી ખભે મૂકતો,
સીમમાં વગાડે પાવો,
સુખ ને સંતોષે જીવતો,
ગોકુળનો ગોવાળો, (પૃ-૩૭)

સરળ જણાતી આ પંક્તિઓમાં બાળકોની બાળ શ્રદ્ધાની ઝલક મળે છે. બાળકોની નજરે ઈશ્વર અને ગોકુળના શ્રીકૃષ્ણ કેવા હોય છે એની અનુભૂતિ મળે છે. આ બાળક પ્રકૃતિના રૂપાળા દશ્યોમાં પણ ઈશ્વર ભાળે છે. 'મેઘધનુષ્યની શોભા ન્યારી, વરસાદી મૌસમની ભેટ, દેવોને પણ એ છે પ્યારી, સૂરજ વાદળના છે ખેલ.' (પૃ-૪૦)

બાળ મનની ઈચ્છા અને અટકળ (પરિકલ્પના) બે અલગ અલગ કાવ્યોમાં સુંદર રીતે ઝીલાય છે.

નાનો ભલે હું સૌથી નાનો,
જોજોને બહુ મોટો થઈશ,
નિશાળે જઈ લખી વાંચીને,
જોજોને હું પંડિત થઈશ. (પૃ-૪૩)

ચાંદ તારાને દેશ જઈએ,
પવન પાંખે ઊડતાં રહીએ,
અગણિત તારા છે આકાશે,
થોડા આપણે ગજવે ભરીએ. (પૃ-૩૯)

બાળકોને કદી ઓછા ન આંકવા જોઈએ. બાળકો તો પુષ્પ જેવાં હોય છે અને અનુકુળતા મળે તો ખીલીને સૌરભ પ્રસરાવે છે. એમની નિખાલસતા પ્રભુની દેન છે અને આપણે વયસ્ક વડીલોએ એનું હૃદયથી સન્માન કરવું જોઈએ. બાળકોની ચકોરબુદ્ધિ વિકાસના પંથે ગતિમાન હોય છે અને એમની નજરે કશું અછૂત નથી રહેતું. એક તરફ એ નિહાળે છે :

મેં એક મોરલો દીઠો'તો,
ઝાડ પાસે એ ફરતો'તો,
ડગ ભરતો ગૌરવથી મોર,
ટેહુક ટે...હુ...ક કરતો શોર. (પૃ-૪૧)

તો બીજી તરફ :-

ગામના ચોરે વૃદ્ધો મળતાં સાંજ સવારે,
આખા મલકના ગપ્પાં હાંકે વગર અખબારે, (પૃ-૪૩)

અહીં આપણે આ કાવ્યોમાં બાળકોની પ્રકૃતિ અને પ્રવૃત્તિને સહજતાથી પામી શકીએ છીએ. એમનો અહેસાસ, એમનો પ્રતિભાવ, એમની પોતાની સમજ અને નિર્દોષતાથી પ્રભાવિત હોય છે. ઉપરાંત એમનું પોતીકું અનોખું વિશ્વ હોય છે. જ્યાં વયસ્કોનો પ્રવેશ નિષેધ નથી, તો સહેલો અને સરળ પણ નથી. બાળ સાહિત્ય સર્જન એક કસોટી છે અને દરેક બાળ સાહિત્ય સર્જક આ વાત બરાબર સમજે છે.





બાળકોનો અભ્યાસ પણ એમના ઘડતરમાં સરસ ફાળો આપે છે. એનું ઉદાહરણ નરસિંહ મહેતા કાવ્યમાં મળે છે :

વૈષ્ણવજન એ પરોપકારી,
પ્રભુએ સ્વયમ્ દર્શન દીધાં,
હુંડી સ્વીકારી શેઠ બનીને,
મામેરાં પણ રૂડાં કીધાં. (પૃ-૩૪)

એવું જ સુંદર ઉદાહરણ 'ઓ ભારત માતા' કાવ્યમાં મળે છે જ્યાં દેશપ્રેમ આ રીતે વ્યક્ત થાય છે :

કેવા બાગ સુંદર વાડી,
ખેતર ધાન છલકે માડી,
વંદન ભારત માતા મારી,
અમે સેવા કરશું તારી. (પૃ-૩૨)

બાળકોનો આનંદ લૂંટવાની ક્રિયા પણ અદ્ભૂત હોય છે, જેનું અનુસરણ ક્યારેક વયસ્કોને પણ કરવું પડે છે.

બધાં લૂંટે પતંગ દોર,
તોયે ના ગણાયે ચોર (પૃ-૪૩)

'છૂક છૂક ગાડી' નોખા નોખા વિષયોના દર્શન કરાવતી આગળ વધે છે ત્યારે સર્જક ચંદ્રકાન્ત રાવને અભિનંદન આપતાં આવકારું છું.

**ગુલામ અબ્બાસ 'નાશાદ'**
સી – ૬૦૪, ફતેહસાગર કોમ્પલેક્ષ,
કોન્વેન્ટ સામે, ફતેગંજ, વડોદરા – ૨

## 'છૂક છૂક ગાડી'માં બેસતાં પહેલાં
### કવિનો ઉદ્‌ગાર

નવલકથા અને નવલિકાઓ લખવાની સાથે સાથે થોડાં બાલકાવ્યો પણ લખાતાં જાય છે. એથી એક વિશેષ આનંદ મળે છે. લખાયેલાં કાવ્યોમાંથી થોડાં કાવ્યો પસંદ કરી આ સંગ્રહમાં લીધાં છે, ત્યારે બાળમાનસનો, બાળકની સરળ વૃત્તિનો અને એના મનની ચંચળતાનો પણ ખ્યાલ રાખી કાવ્યો પસંદ કર્યાં છે એમાં વિષય વૈવિધ્ય છે. પાંડિત્યના પ્રદર્શન વિનાય સાહિત્યિક ધોરણ સચવાઈ રહે એવો મેં ખ્યાલ રાખ્યો છે.

મમ્મી, પપ્પા કે દાદા દાદીથી માંડી શ્રી કૃષ્ણ અને નરસિંહ મહેતા પણ અહીં છે તો વકીલ, ખેડૂત અને ગોવાળ જેવાં પાત્રો પણ છે. ચાંદામામા, તારા, વરસાદ અને મેઘધનુષના રંગ ઉપરાંત ભેંસ, ગાય, હરણ, બિલાડી, શિયાળ અને સિંહની વાતોય છે. બાળકની ચંચળતાને ધ્યાનમાં રાખી બહુ લાંબા કાવ્યોનો મોહ ટાળ્યો છે. પણ કાવ્યોમાં ગેયતા, તાલ, સરળતા અને વિષય વૈવિધ્ય હોય એ અનિવાર્યતા સાચવી છે. બાળકો આનંદથી આ ગીતો ગાશે અને ગાતાં ગાતાં એમને ઘણાં ગીતો કંઠસ્થ પણ થઈ જશે એવી મને શ્રદ્ધા છે. બાળકોની જ્ઞાનવૃદ્ધિ પણ આ કાવ્યોથી અવશ્ય થશે. ઉખાણાં એમની રસવૃત્તિને સતેજ કરશે.

આશા છે બાળકો અને બાળકોની કાળજી લેતાં સૌને આ કાવ્યો ગમશે.





જાણીતા શાયર, બાલકવિ અને મારા સન્મિત્ર શ્રી ગુલામ અબ્બાસ 'નાશાદ' પોતાની વ્યાવસાયિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓ વચ્ચે પણ સમય કાઢી આ સંગ્રહનો પ્રાસ્તાવિક પરિચય કરાવ્યો એ બદલ એમનો હાર્દિક આભાર માનું છું. આ પ્રકાશનનું શ્રેય શ્રી યાકુબભાઈ (એમ.એમ.સાહિત્ય પ્રકાશન) ને પણ ઘટે છે.

**ચંદ્રકાન્ત રાવ**

જન્માષ્ટમી – ૧૬ - ૮ - ૦૬

સી – ૧૩, કસ્તુરી નગર, માંજલપુર નાકા,

લાલબાગ રોડ, વડોદરા – ૩૯૦૦૦૪

## શ્રી ચંદ્રકાન્ત રાવ લબ્ધપ્રતિષ્ઠ લેખકો સાથે



શ્રી ચંદ્રકાન્ત રાવની નવલકથા 'કુમકુમ પગલે'ના લોકાર્પણ પ્રસંગે (ડાબેથી) લેખક શ્રી ચંદ્રકાન્ત રાવ, જાણીતા કવિ નાટ્યકાર પદ્મશ્રી સિતાંશુ મહેતા, જાણીતા શાયર લેખક શ્રી ખલીલ ધનતેજવી, લોકપ્રિય નવલકથાકાર શ્રી પ્રિયકાન્ત પરીખ અને જાણીતા સાહિત્યકાર શ્રી પુરુરાજ જોષી

(પ્રેમાનંદ સાહિત્ય સભા. ૧૯-૪-'૦૯)





## લેખકો ભાવકોના પ્રતિભાવો

અમદાવાદ
૬ - ૯ - ૦૯

પરમ સ્નેહી શ્રી ચંદ્રકાન્તભાઈ,

કુશળ હશો. તમારી 'કુમકુમ પગલે' નવલકથા મળી. આમાં ઈતિહાસ અને કલ્પના દ્વારા કથાની સુંદર ભાત ઉપસાવી છે. એ પ્રસન્ન કરે તેવી છે.

વડોદરામાં તમારી સુંદર સાહિત્યિક પ્રવૃત્તિઓથી પણ વાકેફ રહું છું. અને તેનો આનંદ અનુભવું છું...

**સ્નેહાધીન**
**કુમારપાલનાં સ્મરણ**
(પદમશ્રી ડૉ. કુમારપાલ દેસાઈ)
જાણીતા લેખક અને પૂર્વ પ્રમુખ
ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

શ્રી ચંદ્રકાન્તભાઈની શૈલી રમણલાલ દેસાઈની શૈલી જેવી છે.

પદ્મ શ્રી સિતાંશુ મહેતા('કુમકુમ પગલે' (લોકાર્પણ પ્રસંગે)

તમે વિવિધ સ્વરૂપે વાર્તા તત્ત્વ પ્રગટ કરો છો એ તમારી સર્જક તરીકેની ગતિ સૂચવે છે. સરળ છતાં (હૃદયંગમ) ભાવ નિરૂપણ એ તમારી વિશેષતા છે...તમે શબ્દને તપ રૂપે આરાધ્યો છે.

**પદ્મ્ શ્રી પ્રવીણ દરજી ('આંબાની ડાળે' વાંચીને)**

શ્રી ચંદ્રકાન્તભાઈ અભિજાત પુરુષ છે. આગળ વધીને કહું તો તેઓ અજાતશત્રુ છે...તેઓ કવિતા, વાર્તા, નવલ તો લખે છે જ, પણ પ્રબોધક સંસ્કારી સાહિત્ય ય લખે છે.

**પદ્મ શ્રી પ્રવીણ દરજી (લુણાવાડા)**
('વિસામો' પુસ્તક અંગે પ્રતિભાવ)

તમારી વાર્તાઓ શ્રેયસાધક છે. શૈલીની સરળતાને સ્પષ્ટતા પણ નોંધપાત્ર છે. અભિનંદન

**ડો. જયંત પાઠક**
(જાણીતા કવિ, લેખક)
('આંબાની ડાળે'નો પ્રતિભાવ)
સુરત, ૨૨-૪-૦૩

પ્રિય ભાઈ,

'જેલમ જંપી ગઈ' (નવલકથા) સંબંધે વિમોચન વેળા હું થોડુંક બોલ્યો હતો. મને એ નવલકથા ખૂબ ગમી છે. એની ત્રીજી આવૃત્તિ થાય તો નવાઈ નહીં. કોઈ ફિલ્મ કંપનીએ એનું પિક્ચર ઉતારવું જોઈએ. સફળ ચલચિત્રની બધી જ સામગ્રી એમાં ભરપેટે છે. શુભેચ્છાઓ સાથે. –

(ડૉ. રણજીત પટેલ) **'અનામી' ના જયશિવ**

સમાજના વિવિધ વર્ગમાંથી આવેલ આ વાર્તાઓ સમાજની રૂઢિઓ, તેના તાણાવાણા, માનવીની સંવેદનાઓ, સંબંધો અને તેની નાજુકાઈને સ્પર્શી જાય એ રીતે મૂકી છે, તે જ આ સંગ્રહ (પીળાં પાંદડાંની લીલાશ)ની ખૂબી છે. આ સંગ્રહની વાર્તાઓ માનવીના મનના ઊંડાણમાં લઈ જાય છે.

(વડોદરા) **ડો. ચિનુમોદી**
(જાણીતા નવલકથાકાર, વાર્તાકાર)

'પ્રેમાનંદ સાહિત્ય સભા'ના પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત રાવ મોટી ઉંમરે બાલકાવ્ય સર્જન તરફ વળ્યા તે ખૂબીની વાત છે....એમનાં કાવ્યોમાં વૈવિધ્ય, ગેયતા અને કલ્પનાશીલતા છે.

**ડો. લવકુમાર દેસાઇ**
(નાટ્યકાર, ચિંતક, વિવેચક)





નવલકથાકાર અને વાર્તાકાર શ્રી ચંદ્રકાન્ત રાવ 'છબછબિયાં' દ્વારા બાલકાવ્યો લઈને આવે છે એ ઘણી મોટી વાત છે. એમાં એમના અનુભવનો નિચોડ હોય.

**ડો. ચિનુમોદી**
(જાણીતા શાયર, વિવેચક, ચિંતક)

બાળ માનસને કેન્દ્રમાં રાખીને, કાવ્યોના વિષય, ભાષા, ભાવ વગેરેનું ચયન અને પ્રયોગ એટલાં સરળ, સહજ અને સ્વાભાવિક છે, કે ક્યાંય દુર્બોધતાનો અહેસાસ થતો નથી.

**ડો. રશીદ મીર**
(જાણીતા શાયર, તથા તંત્રી શ્રી : 'ધબક')

હરીન્દ્ર દવે પછી આવી નવલકથા (સામે કાંઠે શ્યામ) વાંચવા મળી...રાધા આજીવન કૃષ્ણથી વિરહિત રહી તેમ તમે પણ 'અલ્પા'ને વિરહીણી મૂકી છે તે વાર્તાકારની સફળતા છે. વચ્ચે વચ્ચે ગીતો પણ રંગ પૂરે છે. નવલિકા લેખક તરીકે તો તમને ઘણા વખતથી ઓળખતો આવ્યો છું. ધન્યાવાદ

**(કડી)રામજીભાઇ કડિયા**
(જાણીતા લેખક, કડી)

તમારી નવલકથા 'સામે કાંઠે શ્યામ' વાંચી. અલ્પા અને મૌલિકના અમદાવાદની પશ્વાદ ભૂમિમાં રચાએલ કથા રસપ્રદ છે. મજા આવી.

**સ્નેહાધીન**
**પ્રિયકાન્ત પરીખ**
(લોકપ્રિય નવલકથાકાર)
અમદાવાદ

Dear sir,

We have received a work of which you are the author. In order to process it, we need some data...The infornation sent by you will be used to distinguish your name from other persons listed in the catalogs of American Libraries sincerely yours. (Mrs.) Eunice Stutoman Gupta)

Lifrary of congress, south Asia.

'પ્રેમાનંદ સાહિત્ય સભા' જેવી ગુજરાતની ખ્યાતનામ સાહિત્યિક સંસ્થાન પ્રમુખ તરીકે કાર્યરત એવા શ્રી ચંદ્રકાન્ત રાવની ખૂબ જ લોકભોગ્ય પાંચ નવલકથાઓ ('પ્રેમદીવાની'થી 'સામે કાંઠે શ્યામ') અને 'સ્નેહદીપ' જેવા નવલિકા સંગ્રહો ગુજરાતી સાહિત્યને એમનું ઉત્તમ નજરાણું છે.

**યશવંત કડીકર**

(જાણીતા વાર્તાકાર, કવિ, ચિંતક, વિવેચક)

આપની કૃતિઓથી હું પ્રભાવિત થયો છું. સારી અને સાચી લાગણી આપણો સમાજ સમજે એ જ અભ્યર્થના...સ્નેહાધીન,

બી.એલ.રાવ (અમેરિકા)

તમે ભલે 'ચન્દ્ર' કહેવાયા પણ કાવ્યમોતી ચરનારાયે છો.

**રાધેશ્યામ શર્મા**

(તા. ૧૧ - ૧૧ -૦૭,

'ગૌરી મારા ગામની' કાવ્યસંગ્રહનો પ્રતિભાવ

લેખક જાણીતા વિવેચક, ચિંતક)

શ્રી રાવ નવલકથાકાર અને વાર્તાકાર તરીકે ખ્યાત હોવાથી અને અનેક સામયિકોમાં ઓમની કૃતિઓ પ્રગટ થતી હોવાથી લેખન નિપૂણતા એમની પાસે હોય તે સ્વીકારી શકાય.

**રવીન્દ્ર ઠાકોર**

('કિતાબઘર', લોકસત્તા જનસત્તા)



છૂક છૂક ગાડી

સ્નેહી શ્રી ચંદ્રકાન્તભાઈ,

તમે સંસ્કારનગરી વડોદરાની સાહિત્યિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સક્રિયતા દાખવવાની સાથે નવલકથા અને નવલિકા સાહિત્યના સર્જનમાં રસ દાખવ્યો છે એ અભિનંદનીય છે.

**પ્રા. પ્રસાદ બ્રહ્મભટ્ટ**

(જાણીતા વિવેચક, ચિંતક

અમદાવાદ.)

પ્રિય શ્રી ચંદ્રકાન્તભાઈ

આપની સુંદર નવલિકાઓ વાંચી, માણી...નવલિકામાં ખૂબ જ ટૂંકા વ્યાપમાં ચમત્કૃતિ ઉત્પન્ન કરવી એ અઘરૂ કામ છે. આ કળા આપે સુપેરે સિદ્ધહસ્ત કરી છે. આપ 'પ્રેમાનંદ સાહિત્ય સભા' જેવી માતબર સંસ્થાના પ્રમુખ છો એ ગૌરવની વાત છે.

**નટવરલાલ એમ.બ્રહ્મભટ્ટ**

B.A, L.L.B, I.R.S. F.I.C.A. (Advocate)

(મુંબઈ ૨૬ - ૭ - ૦૪)

ગામ, તડકો, આકાશ, પરોઢ, પૂર્વની સિંદુરી રંગી સંધ્યાના સિંદુરિયા શ્વાસની અનુભૂતિનું કથન શ્રી ચંદ્રકાન્ત રાવની કવિ ચેતનાની ઉપલબ્ધિ છે...'મેળામાં મ્હાલતી ગોરી મારા ગામની'...ગતિશીલ શબ્દચિત્ર રચતી આ શબ્દાવલિની નિર્વ્યાજ પ્રાસાદિક બાની કેવી તો ભાવસૃષ્ટિ રચે છે.' કવિ મસ્તરંગી પ્રકૃતિઓના અસબાબથી સ્વસ્થ દર્શનને નિરૂપે છે. એ કવિ શ્રી ચંદ્રકાન્ત રાવની ચેતનાની ઉપલબ્ધિને પોંકીએ...

('ગોરી મારા ગામની' ના લોકાર્પણ પ્રસંગે)

(જાણીતા વિવેચક) **ડો. સુભાષ દવ**

**છૂક છૂક ગાડી**

ટૂંકી વાર્તા, કાવ્યો, ચિંતન લેખ, રેડિયો, નાટક બાળ સાહિત્ય અને નવલકથા...આ વૈવિધ્યને અંકે કરી સર્જન કેડીએ ચાલનાર ચંદ્રકાન્ત રાવનાં નિખાલસતા, નમ્રતા અને સાદગી સૌને સ્પર્શી જાય છે.

**ત્ર્યંબક જોષી**

જાણીતા પત્રકાર – ('દિવ્યભાસ્કર' દૈનિક)

'ગોરી મારા ગામની'કાવ્યસંગ્રહનો ઉજાસભર્યો ઉઘાડ જ સુંદર શબ્દરચનાના આવિષ્કારથી થયો છે. 'તડકો ભરી લો ગજવે મારા ગામનો, કેવું ઉજળું અહીં આકાશ છે.' લાલિત્યસભર લયની શબ્દાળુતા આ કાવ્ય સંગ્રહ (ગોરી મારા ગામની)નો શ્વાસ છે...શ્રી ચંદ્રકાન્તભાઈએ આ કાવ્યસંગ્રહમાં નારીને અનેકરૂપે કાવ્ય સ્વરૂપે સ્મરી છે અને કંડારી છે. કવિશ્રીએ આ સંગ્રહમાં વિષય વૈવિધ્ય સાથે હાઈકુ, મુક્તકો, અછાંદસ કાવ્યો, ગઝલો, ગરબા, ગીતો વગેરે આમે જ કરી એમના વર્ષોના કાવ્યો અને કવિઓ સાથેના સંબંધોનું નવનીત પાથર્યું છે...

**શ્રી કીર્તિકાન્ત પુરોહિત**

(જાણીતા ગઝલકાર, વાર્તાકાર, ગીતકાર)

યૌવનનું મનોહારી, નિર્મળ, સુભગ, સાત્ત્વિક વર્ણન તથા શબ્દ ચિત્રાત્મક કાવ્યો વાંચકોના દિલમાં સાધારીકરણનો ભાવ ઉત્પન્ન કરી જાય છે. કવિ અનુભવે છે તેવો જ ભાવ વાંચકો પણ અનુભવે છે.

**પ્રો. રમણભાઇ ઠક્કર**

'ગીતાપ્રેમી' (ગોરી મારા ગામની'નો પ્રતિભાવ)

**Dear sir Rao...Thank you for your Tribute to late u.s.president John F. Kennedy...I have pleasure in forwarding it to Mrs. Kennedy, who I am sure will appreciate it.**

**Donald To Shea. (Director, united states information servie)**

**છૂક છૂક ગાડી**

શ્રી ચંદ્રકાન્તભાઈ રાવ,...

સ્નેહદીપ વાર્તા સંગ્રહ સાચે જ સ્ત્રીનાં કલ્યાણકારી અને મંગલમય સ્વરૂપોના પાવક પ્રસંગ છે. તે સર્વ ગમ્યા, માણ્યા અને તે માટે આપના સુકાર્યને બિરદાવવા ' સંસ્કાર પારિતોષિક' એનાયત કરતાં આનંદ અનુભવું છું....હાર્દિક અભિનંદન...

**વિઠ્ઠલભાઇ પટેલનાં સ્નેહ સ્મરણ**

(નિયામક : 'સંસ્કાર પરિવાર)

# અનુક્રમણિકા


૧. પ્રભુ તમે છો
૨. ભલે બાળક હું નાનો
૩. ત્યાં તો બિલ્લી ભાગી ગઈ!
૪. ધાન ઢગલો પાકશે
૫. બાએ હૈયે ચાંપ્યો બાળ
૬. ભેરુ અમે
૭. મહેનત કરીને મહાન બનશું
૮. મારા શહેરની બસ સવારી
૯. મીઠી યાદો દાદાની
૧૦. ઋતુ ગીત
૧૧. ક...ખ...ગ...ઘ
૧૨. બાગ નાનો
૧૩. ભોળાં પંખી ગીતો ગાય
૧૪. હું વાઘ થાઉં
૧૫. ઉખાણાં
૧૬. પા પા પગલી ભરતો ચાલું
૧૭. ઉનાળો
૧૮. પકાભાઈ તો ભણશે બહુ
૧૯. બિલ્લી ગમતી
૨૦. સતપાલ શેઠ
૨૧. હસતું રમતું ઊઠવાનું




છૂક છૂક ગાડી


૨૨. કા...ટ્ટા...હે!
૨૩. ખીણો ખૂંદવા જાઓ
૨૪. શરદપૂનમની રાતે
૨૫. પ્રાણીઓની સભા
૨૬. સૌથી સુંદર પ્રાણી
૨૭. આકાશના મેદાને
૨૮. ચકીરાણી
૨૯. વ્હાલાં પંખી ચોકે
૩૦. રજાનો આનંદ
૩૧. ઓ ભારતમાતા
૩૩. વૈશાખ માસે
૩૨. નરસિંહ મહેતા
૩૩. ચોમાસું
૩૬. એકડે એકથી સો
૩૭. ગોકુળનો ગોવાળો
૩૮. ગામને ચોરે
૩૯. ચાંદ તારાને દેશ જઈએ
૪૦. ઘડિયાળ
૪૧. નાચે મોર
૪૨. ગાય આવી
૪૩. જોજો ને હું મોટો થઈશ
૪૪. જાણે સ્વર્ગ નીચે આવ્યું!

૪૫. વકીલ સાહેબ

૪૬. મમ્મી પપ્પા જાગે છે

૪૭. મેઘધનુષ

૪૮. તળાવ પાળે

૪૯. એકના સો દઈએ રી

૫૦. દર્શન પ્રભુનાં

૫૧. ચાલો દોસ્તો

૫૨. ભાગો રે સૌ ભાગો

૫૩. સૌની ભેળાં

૫૪. વ્હાલા પ્રભુજી વંદન મારાં

૫૫. છૂક છૂક ગાડી




## ૧. પ્રભુ તમે છો

પ્રભુ તમે છો મુજ માત પિતા,
તમે દયાવાન છો રામ સીતા,
બાળક ઉપર કરજો કરુણા,
અબોધ છું હું, જાણું ન ગીતા.

વિદ્યા મને દો, ના ધન યાચું,
સેવક બનું હું, નથી શેઠ થાવું,
દયા અંતરે, હજો હેત હૈયે,
હળી મળી સૌ સંસાર રહીએ.

## ૨. ભલે બાળક હું નાનો

ભલે બાળક હું નાનો,
પણ વિચારું છાનોમાનો,
સારું સઘળું મને ગમતું,
ખોટું ના મનમાં વસતું.

ગૌરીબેનનું ગરવું ગીત,
ઝમઝમ ઝરણાનું સંગીત,
કોયલના ટહુકાનું ગાન,
ગમતું વળી પ્રભુનું ધ્યાન.



મિત્રો સાથે સંપે રમતો,
કદી ના મમ્મીને દમતો,
તેથી ખાધો ના કોઈનો માર,
પામું સૌનો અઢળક પ્યાર.

## ૩. ત્યાં તો બિલ્લી ભાગી ગઇ!

એક બિલાડી ધોળી,
ઊભે બજારે દોડી,
એક દૂકાનમાં ઘૂસી ગઈ,
દૂકાનમાં તો હતી મીઠાઈ.
બિલ્લી તો બહુ રાજી થઈ,
મીઠાઈ ખઈને તાજી થઈ.
ત્યાંતો થાળી નીચે પડી,
કંદોઈને બહુ ફાળ પડી.
"કીધું બિલ્લીએ સત્યાનાશ,
મારી મીઠાઈનો વાળ્યો દાટ."
એમ કહીને ગુસ્સો થયો,
ઝડપથી એ ઊભો થયો.
પાછળ પડ્યો લાકડી લઈ,
ત્યાં તો બિલ્લી ભાગી ગઈ!





## ૪. ધાન ઢગલો પાકશે

લો મેઘરાજા આવ્યા,
અઢળક પાણી લાવ્યા,
મહેકી ઊઠી ધરતી,
સૌની ચિંતા હરતી.

ખેડૂત ખેતર ખેડે,
ગાયો ચરતી શેઢે,
ધાન ઢગલો પાકશે,
સૌને સુખી રાખશે.

મેઘરાજાની જય હો,
શાંતિનો વિજય હો.
સંદેશો દે સુખનો,
અંત સઘળાં દુ:ખનો.



## ૫. બાએ હૈયે ચાંપ્યો બાળ

"નાનો છું બા બાળક તારો,
ગુસ્સો ના તું મુજ પર કરતી,
તને જોઈને હૈયે મારે
ચઢતી વ્હાલની ભરતી!

"છણકો તારો મીઠો લાગે,
કદી ન દેતી બા તું ગાળ,"
સાંભળી વાતો પ્રેમઘેલી આ,
બાએ હૈયે ચાંપ્યો બાળ.

"દીકરો તું તો ડાહ્યો બેટા,
ગાળ તને શીદ દઈએ?
ભણી ગણીને સુખી થાજે,
આશિષ એવા નિત દઈએ."





## ૬. ભેરુ અમે

ભેરુ અમે નાનાં નાનાં,
ભેગા થઈએ છાનાં માનાં,
વાતો ભૂતની રસથી કરતાં,
તોયે મનમાં સૌએ ડરતાં!

સંધ્યા સમે સરોવર જાતાં,
સૂરજ ડૂબે એને જોતાં,
સરવર ખીલતાં કમળ લાલ,
જોઈને થઈએ ખુશખુશાલ.

કદી રવિવારે સવારે,
સિનેમા જોવા જઈએ ત્યારે,
પપ્પા આપે રુપિયા ઘણા,
જોતાં ખાઈએ સીંગ ને ચણા.



## ૭. મહેનત કરીને મહાન બનશું

એક સૈનિક એક દા'ડો
ગામ અમારે આવ્યો,

સૌ છોરાંને ભેગાં કરી,
એમ કહેવા લાગ્યો:

"મોટા થઈને સૈનિક થાજો,
દેશની રક્ષા કરજો,

આઝાદીમાં આબાદ થઈને,
સુખ શાંતિને વરજો.

"ભારત માતા આપણી માતા,
સૌ છે એનાં સંતાન,

લોક બધાં પામો સુખે
રોટી કપડાં મકાન."

વાત સૈનિકની સાચી લાચી,
ઉદ્યમ કરવા ધાર્યું,

મહેનત કરીને મહાન બનશું,
એમ અમે નિર્ધાર્યું.







## ૮. મારા શહેરની બસ સવારી

મારા શહેરમાં એસ.ટી. મોટર,
એમાં ભારે ચડ ને ઉતર,
બે જાય તો આવે ચાર,
જગા માટે કરે તકરાર.

કંડકટર ના ધ્યાન આપે,
પૈસા લઈને ટિકિટ કાપે,
સ્ટેન્ડ આવે ત્યાં ઊતરે લોક,
લડ્યા ઝગડ્યા સઘળું ફોક.

ભીડ તો યે મજા ભારી,
મારા શહેરની બસ સવારી.

## ૯. મીઠી યાદો દાદાની

દાદાએ બે આંબા વાવ્યા,
પાણી પાઈ એને ઉછેર્યા,
વર્ષો પછી મોર આવ્યો,
મીઠી યાદો દાદાની લાવ્યો.

સાખ પડીને આંબા વેડ્યા,
કોથળા મોટા બે ભરાણાં,
મમ્મીએ કીધાં છુંદો અથાણાં,
બાકી નાખ્યો પાક ઘરમાં.

કેરી પાકી તો રસ કાઢ્યો,
મીઠો રસ સૌને ભાવ્યો,
રસ પુરી ઘરનાં સૌ જમ્યાં,
એમાં દાદાનાં દર્શન પામ્યાં!



## ૧૦. ઋતુ ગીત

શિયાળાનો દા'ડો
થરથર ધ્રુજવનારો,
ગરમ કપડાંનો લ્હાવો,
સૌને લાગે વ્હાલો.

ઉનાળાનો દા'ડો,
તાપ ગરમી વાળો,
વેકેશનનો ગાળો,
તેથી લાગે વ્હાલો.

ચોમાસાનો દા'ડો,
કાદવ કિચ્ચડ વાળો,
મેઘ મુશળધારો,
તોયે સૌને વ્હાલો!







## ૧૧. ક...ખ...ગ...ઘ

મારી શાળામાં છોકરાં બહુ છે,
માત પિતાને વ્હાલાં સૌ છે,
રોજ શાળામાં ભેગાં થઈએ,
પહેલાં પ્રભુની પ્રાર્થના કરીએ.

એકડે એકો હોંશે લખીએ,
કખગઘ ખૂબ જ ઘૂંટીએ,
બપોરે બધાં નાસ્તો કરીએ,
સાંજે મેદાને રમવા જઈએ.

પાંચ વાગે છૂટી જઈએ,
સ્કૂલની બસમાં ઘેર જઈએ,
બા દાદાને ભેટી પડીએ,
રાત્રે ભેળાં વાળું કરીએ.



## ૧૨. બાગ નાનો

મારા ઘર પાસે છે બાગ નાનો,
બાગે ફૂલનો ભર્યો ખજાનો.
ગુલાબ ચંપો જાઈ ને જૂઈ,
મોગરાની તો સુગંધ મીઠી.

બાગે આવે પોપટ મધમાખી,
પતંગિયાં તો રંગબેરંગી,
પંખી આવે છ જાત જાતનાં,
કાબર કોયલ ભાત ભાતનાં.

કાગ આવે કબૂતર ચકલી,
જુદી વાણી સૌની અસલી.
ઠંડી પવન લહરી આવે,
ફૂલ સુવાસ બધે પ્રસરાવે.





## ૧૩. ભોળાં પંખી ગીતો ગાય





પોપટ ખાય મરચાં,
ચોખા ચણે ચકલાં,
એઠું શોધે કાગડો,
કબુતર જાર બાજરો.

મોર પંખી રૂપાળું,
જંતુ ખાવા વાળું,
કોયલ કંઠ મીઠો,
આંબા ડાળે ટહુકતો.

પંખી ઊડે આકાશમાં,
શુદ્ધ હવા લે શ્વાસમાં,
જે મળે તે સુખે ખાય,
ભોળાં પંખી ગીતો ગાય.



## ૧૪. હું વાઘ થાઉં !



ભઈ મારો નાનો અમથો,
હું બેન મોટી,

ઘરમાં એ સુસુ કરે તો,
હું મારું સોટી.

લડે મને મમ્મી ત્યારે,
હું સંતાઈ જાઉં,

બા મારી વ્હારે આવે ને,
હું વાઘ થાઉં.

## ૧૫. ઉખાણાં



(૧)

સૂરજ દાદાની છડી પોકારે,
કૂ...ક...ડે કૂક થી સૌને જગાડે,
ધૂળમાંથી પણ ચણીને ખાય,
માથે કલગી ડોલતી જાય.
કહો તો એ શું કહેવાય?

(૨)



ઘરમાં એનો માળો કરતી,
કચરો અઢળક એ પાડે,
આખો દા'ડો ચક ચક કરતી.
ચોકમાં મગતે મ્હાલે!
કોણ એનું નામ આપે?

(૩)



રંગ લીલો ને વાંકી ચાંચ,
બોલે મીઠું મીઠું પ્યારું,
મરચાં ખાય બે ત્રણ પાંચ,
તોય પિંજર છે પુરાયું,
નામ કહો તો મોટા માનું.

જવાબ :-

(૧) કૂકડો, (૨) ચકલી, (૩) પોપટ



## ૧૬. પા પા પગલી ભરતો ચાલું



ભલે છું હું બાળક નાનો,
બેસું ઘડી ના છાનોમાનો.
દોડવું પડવું ઊભા થવું,
બધું કરવાનો છે પરવાનો.

પા પા પગલી ભરતો ચાલું,
જે આવે તે મોમાં ઘાલું,
મમ્મીને જોઈ ઘેલો થાઉં,
એ જશોદા ને કાનો હું.

દાદીમાનો ખોળો ખૂંદતો,
દાદાજીનો ઘોડો કરતો,
હસીને સૌને હું હસાવું,
અગડં બગડં ગીત ગાઉં.

## ૧૭. ઉનાળો



ઉનાળામાં ભારે ગરમી,
પપ્પા ત્રાસે, ત્રાસે મમ્મી,
અમે બધાં છોરાં નાનાં,
ઘરમાં રમીએ છાનાંમાનાં.

બા દાદા ઠંડીમાં ખુશ,
ના ગરમીથી પણ નાખુશ,
તાપ પડે ઉનાળે સારો,
ચોમાસે વરસાદનો વારો.

'ઋતુ ઋતુના ધરમ ન્યારા,'
એમ કહે દાદા અમારા,
'પ્રભુ કરે તે સારા માટે,'
એવો બોધ દાદી આપે.

## ૧૮. પકાભાઇ તો ભણશે બહુ

બકા કરો પકાભાઈને,
પકાભાઈ તો ડાહ્યા ડમરા,

લેજો એમને ધીરે રહીને,
તોફાની છે એ તો જબરા.

રડતા કદી ને ઘડીમાં હસતા,
હસતાં હસતાં ય રડી પડતા.

પકાભાઈ તો નાના અમથા,
હા...લા સાંભળે ઘોડિયે સૂતા.

મોટા થઈને નિશાળે જાશે,
પકાભાઈ તો ભણશે બહુ,

ભારત માતાની સેવા કરશે,
નેતા માનશે એમને સહુ.

## ૧૯. બિલ્લી ગમતી...

બિલ્લી માસી નિત આવે,
સાથે બે ત્રણ બચ્ચાં લાવે,
મ્યાઉં મ્યાઉં કરતાં દોડે,
વ્હાલ કરો તો લપાય સોડે.

ઉંદર માટે સંતાતી ખૂણે,
ચૂપચાપ એનું ચૂંચૂં સુણે,
નજર પડે ઝપટ મારે,
બિલ્લી ગમતી સૌને ત્યારે.



## ૨૦. સતપાલ શેઠ

મોટું એમનું પેટ છે,
એ તો સતપાલ શેઠ છે.
ગાદી તકીયે બેઠા રહે,
પાન બનાવી ખાધા કરે.

ધોતી ઝભ્ભો ટોપી માથે,
બેઠક એમની તિજોરી સાથે;
સામે ગુમાસ્તો લખ્યા કરે,
કાલું કાલું બકયા કરે.

વ્યાજે નાણાં ધીરે એ,
ગરજવાનને ચીરે છે,
માથે ચાંલ્લો મોટો છે.
દયાનો ના છાંટો છે.

ચોપડામાં લખાવી લે,
અંગૂઠો સહી કરાવી લે,
વ્યાજ પછી ખાધે જાય,
અંતે મિલકત હજમ થાય!

એવા લુચ્ચા આ છે શેઠ,
ભિખારીથી પણ એતો હેઠ,
જોજો કરતા દેવું કદી,
વ્યાજમાં તણાશે મૂડી બધી!



## ૨૧. હસતાં રમતાં ઊઠવાનું

હસતાં રમતાં ઊઠવાનું,
તાજું દૂધ પીવાનું.
એકો બેયો લખવાનું,
પછી રમવા જવાનું.

રમીને વ્હેલું આવવાનું,
ઠંડું પાણી પીવાનું.
હિંચકે ઘડી ઝૂલવાનું,
રોટલી શાક ખાવાનું.

ડાહ્યું ડમરું થવાનું,
બાનું કહ્યું કરવાનું.
બિસ્કીટ એક ખાવાનું,
પછી નિશાળે જવાનું.

સાંજે ઘેર આવવાનું,
દાદા પાસે બેસવાનું.
બાની વાતો સાંભળતાં,
રાતે રોજ ઊંઘવાનું.





## ૨૨. 'કા...ટ્ટા...હે !'

આકાશમાં પતંગ ઊડે,
સહેલ કરતાં ઊંચે ચડે.
ખેંચ મારતાં ગોથું ખાય,
લૂંટવા એને બાળક જાય.

પેચ થાય, પતંગ કપાય,
કા...ટા...કા...ટા... શોર થાય.
બધાં લૂંટે પતંગ દોર,
તોયે ના ગણાયે ચોર!

ઉત્તરાયણે આનંદ બહુ,
તલ સાંકળી ખાતા સહુ.

## ૨૩. ખીણો ખૂંદવા જાઓ



જાઓ બાળક ફરવા જાઓ,
વિશાળ આ દુનિયાને ભાળો.
નદી કિનારે ઘૂમતાં ઘૂમતાં,
વહેતા જળનાં ગીતો ગાઓ...જાઓ.

સાદે છે પર્વતનાં શિખર,
ડુંગરા ખીણો ખૂંદવા જાઓ,
સાગર ગાતો ગીત વીરોનાં,
સરવર જલમાં તરવા જાઓ...જાઓ.

દેશની રક્ષા માટે લડતા,
જવાનોને મળવા જાઓ,
શૂરવીર સૈનિક થાવું તમારે,
'યા હોમ' કરવા તૈયાર થાઓ...જાઓ.

## ૨૪. શરદપૂનમની રાતે

શરદ પૂનમની રાતે,
ચંદ્ર ઊગે આકાશે,
કેવો સુંદર લાગે,
ઠંડક સૌને આપે.

આજુબાજુ તારા,
જાણે ભેરુ મારા,
જોઈ મીઠું હસતા,
સૌને હૈયે વસતા.

અંધારી રાતે શોભે,
જોવા દેવ થોભે,
સૂરજદાદાને ભાળી,
સૌએ જાય ભાગી.





## ૨૫. પ્રાણીઓની સભા

પ્રાણીઓની સભા મળી,
જંગલમાં સૌ ભેગાં થયાં,

સિંહ રાજા પ્રમુખપદે,
ઉપપ્રમુખ વાઘમામા થયા.

શિયાળ શાણું મંત્રી હતું,
ઠરાવ એવો કીધોઃ

"સૌએ અહિંસા પાળવી,"
સાંભળી સિંહ ખીજ્યો;

"ખાવું શું ઘાસ અમારે,
દિવસ આવે માઠા."

એમ કહીને ત્રાડ પાડી,
જીવ લઈને સૌ નાઠા.'





## ૨૬. સૌથી સુંદર પ્રાણી

હરણનું ટોળું જંગલમાં,
ચરતાં ફરતાં રહે ચમકેલું.
સાવધ થઈ ચોપાસે જોતું,
કદી ન કોઈના વિશ્વાસે રે'તું.

ચાંદલા એના ડિલ પર શોભે,
ફાંટાવાળાં શિંગ શિર છે.
સૌથી સુંદર એ તો પ્રાણી,
નિત પીતું વ્હેતું પાણી.

ભોળું ભોળું લાગે વ્હાલું,
નિર્દોષ એ તો કેવું પ્યારું!
જંગલને મંગલમય કરતું,
હરણ વનમાં આનંદ કરતું.





## ૨૭. આકાશના મેદાને

આકાશના મેદાને જોને,
કેવાં ઝડપે વાદળ દોડે.
કોઈ કાળાં કોઈ ધોળાં,
દૂર હોય કે ચાલે સોડે.

કદી વીજ તણા ચમકાર,
થાય પછીથી ગડગડાટ.
વરસી પડતાં વ્હાલથી ખાસ,
ધરતીની છિપવવા પ્યાસ.

વરસાદમાં તો બાળક ન્હાય,
નદી તળાવે જલ છલકાય.
લીલી છમ ધરતી મા થાય,
ખેડૂત હોંશે ખેતર જાય.



## ૨૮. ચકી રાણી

ચકી બોલે ચક ચક,
ચકો કરે ચક ચક ચક.
ધૂળમાંથી વીણે દાણા,
પાંખો ફફડાવે ફટ ફટ.

ચણ લઈને માળે જાય,
કચ કચ કરે બચ્ચાં ત્યાંય.
ચણ એના મોંમાં ઘાલે,
નવી ચણ લેવાને જાય.

આમ આખો દિવસ ચાલે,
મા બાપની એ ફરજ બજાવે.
દિવસો એમ વહી જાય,
અંતે બચ્ચાં ઉડતાં થાય.





## ૨૯. વ્હાલાં પંખી ચોકે આવો

કબૂતર ચકલાં પંખી આવો,
ચોકે દાણા નાખ્યા છે ખાઓ.
ચણજો હોંશે, ડરશો ના,
અંદર અંદર લડશો ના.

બાજુમાં છે કૂડાં ચાર,
એ તમારો જલ ભંડાર.
પાણી પી ત્યાં ખાજો શ્વાસ,
પછી ઊડજો તમે આકાશ.

તમે પંખી અમે નાનાં બાળ,
અમારે પણ ઊડવું છે આકાશ.
સંગ તમારો લાગે પ્યારો,
વ્હાલાં પંખી નિત ચણવા આવો.



## ૩૦. રજાનો આનંદ

રજાઓનો આનંદ લઈએ,
પરસ્પરનો પ્રેમ દઈએ.
લડીએ ઝગડીએ તોયે ભેળાં,
પડીએ ઊઠીએ ભમીએ રમીએ.

થોડું ભણીએ, ઝાઝું ફરીએ,
નદી ખેતર ભમવા જઈએ.
નહેર વાટે ખેતર જે આવ્યાં,
નર્મદા જલમાં પાવન થઈએ.

આંબે ઝૂલે મીઠી કેરી,
કોટલ ટહુકે ડાળે એની.
રમી ખૂંદી કુદરત ખોળે,
આનંદ ઘેનો ઊંઘી જઈએ.





## ૩૧. જૂહી બેન

જૂહીબેન રાવ, મમરા ખાવ,
મમરા ખાઈને નિશાળે જાવ.
નિશાળે જઈને લખતાં શીખો,
લખતાં લખતાં વાંચતાં થાવ.

વાર્તા વાંચો, કવિતા ગાવ,
ડાહ્યાં મારાં જૂહીબેન રાવ.
પહેલાં નાની સાયકલ ચલાવ,
પછી સ્કુટર પર કોલેજ જાવ.
પુસ્તક વાંચી પંડિત થાવ,
સમજુ શાણાં જૂહીબેન રાવ

ભાઈ નાનો કર્મન જે,
ફરતો તારી પાછળ તે.
એની ઉપર રાખો ભાવ,
સાથે બેસી હિંચકો ખાવ.
રમતાં ભણતાં મોટાં થાવ,
દેશ વિદેશે યશ ફેલાવ.



## ૩૨. ઓ ભારત માતા

ઓ ભારત માતા મારી,
પ્રાણથી તું અધિક પ્યારી.
અમે બાળક તારાં નાનાં,
તને પૂજીએ છાનાં માનાં.

માતા ધૂળની રજકણ તારી,
અમને લાગે ખૂબ વ્હાલી.
રક્ષા અમે તારી કરશું,
મા તારા સિપાહી બનશું.

કેવાં બાગ સુંદર વાડી,
ખેતર ધાન છલકે માડી.
વંદન ભારત માતા મારી,
અમે સેવા કરશું તારી.







## ૩૩. વૈશાખ માસે

વૈશાખ માસે ખરે બપોરે,
એક દિવસ મિત્રોની જોડે.
ગયાં અમે સૌ કેરી ખાવા,
કેરી ખાઈને ગીતડાં ગાવા.
સાંભળવા ગોવાળના પાવા.
કરવા ખોટી મારંમારા.

મીઠું મરચું ને ચપ્પુ લઈ,
પાણી બોટલ ભૂલ્યાં નંઈ.
નાના કોમળ મરવા કાપી,
મરચું મીઠું જીરૂ નાખી.
કાચી કેરી હોંશે ખાધી,
ખાટી તોયે મીઠી લાગી.

ક્યાંકથી ત્યારે કોયલ બોલી,
સીમ સૂની એણે ઢંઢોળી.
હરખ ઘેલી અમ બાળક ટોળી,
કરવા લાગી દોડમ્ દોડી.
આંબાવાડિયે આનંદ હેલી,
આમ્રકુંજે કોયલ કેલી!



## ૩૪. નરસિંહ મહેતા

નરસિંહ મહેતા માણસ ભલા,
પ્રભુભજનમાં દિનરાત ઘેલા;
ભેદભાવ ના મનમાં જેના,
સૌને હેતે પ્રેમે મળતા.

વૈષ્ણવજન એ પરોપકારી,
પ્રભુએ સ્વયમ્ દર્શન દીધાં;
હૂંડી સ્વીકારી શેઠ બનીને,
મામેરાં પણ રૂડાં કીધાં.

સદેહે સ્વર્ગ દેખાડ્યું કૃષ્ણે,
કટોકટીમાં સહાય કીધી;
ધન ધન એ નરસિંહ ભગતને,
કદી ન કોની નિંદા કીધી.



## ૩૫. ચોમાસું

પવન વાય મરમર મરમર,
ચોમાસે વરસે વરસાદ ઝરમર;
ખાડામાં ખાબોચિયાં ભરાય,
છબછબ કરતાં બાળક ન્હાય.

આકાશે તો વીજ ચમકતી,
ગડગડાટ એ ભારે કરતી.
બાળક એથી બીએ બહુ,
બાની સોડે લપાય સહુ.

લીલા ઘાસથી મેદાન છવાય,
ગાયો ભેંસો ચરવા જાય.
ખેતર પાકે ડાંગર ઘઉં,
વરસાદના છે ઉપકાર બહુ.



## ૩૬. એકડે એકથી સો

એક ને એક બે,
બે ને બે ચાર.
ચાલો જઈએ ભણવા,
નિશાળ કેરે દ્વાર.

ચાર પછી પાંચ,
પાંચ ને ત્રણ આઠ.
પાંચડે મીંડે પચાસ,
પચાસ ને દસ સાઠ.

સાઠ ને દસ સિત્તેર,
સિત્તેર ને ત્રીસ સો.
એમ લખીએ આપણે,
એકડે એકથી સો





## ૩૭. ગોકુળનો ગોવાળો

ગોકુળ ગામનો ગોવાળિયો,
નિત સવારે આવે;

ઘેર ઘેરથી ગાયો છોડી,
ચરવાને લઈ જાવે.

છાણ ઢોરનું વીણી કરતો,
ખાતર માટે ઢગલો;

ઉનાળામાં વેચી દઈને,
ચોખ્ખો કરતો ચકલો.

પશુ ચરાવી સાંજ પહેલાં,
પાછો આવી જાતો.

ફળિયા તરફ ઢોર હાંકી,
ઘેર જઈને ખાતો.

ડાંગ લાંબી ખભે મૂકતો,
સીમમાં વગાડે પાવો;

સુખ ને સંતોષે જીવતો,
ગોકુળનો ગોવાળો.



## ૩૮. ગામને ચોરે

ગામના ચોરે વૃદ્ધો મળતા સાંજ સવારે,
આખા મલકનાં ગપ્પાં હાંકે વગર અખબારે.

કોણ આવ્યું, કોણ નાઠું, હો ટાઢ તાપ વરસાદ,
વિવિધ વિષયની વાતો કરતા, જે આવે તે યાદ.

ખાય ખોંખારા, બીડી ફૂંકે, કોઈને દેતા ગાળ,
જતા આવતા લોક ઊભા રહી કાઢે હૈયા વરાળ.

વડને છાંયે ચોરે બેસી વખત કાઢે લોક,
સુખ દુઃખની વાતો થાતી, વિના રોક કે ટોક.

જેવો તેવો તોયે ચોરો ગામ લોકોને ગમતો,
આવન જાવન થાય અવિરત સદા રહે ધમધમતો.

## ૩૯. ચાંદ તારાને દેશ જઇએ

ચાંદ તારાને દેશ જઈએ,
પવન પાંખે ઊડતાં રહીએ;
અગણિત તારા છે આકાશે,
થોડા આપણે ગજવે ભરીએ.

વાદળ સાથે વાતો કરીએ,
પંખી સાથે ગીતો ગઈએ.
પાછાં આવી ઘરના ચોકે,
ભેગાં બેસી વાતો કરીએ.



## ૪૦. ઘડિયાળ

સામી ભીંતે ઘડિયાળ લટકે,
ટક ટક ટક ટક કાયમ કરતું;
'આળસ કરશો ના તમે ભઈલાં,'
પળે પળે એ એમ જ કહેતું.

કલાક કાંટો ધીમો ખસતો,,
સેકંડ કાંટો ઝડપે ધસતો.
હર પળે એ સાવધ કરતો,
ગયો સમય ના પાછો મળતો.
કહે કરો નિયમીત કામ,
આ જગત ના આરામનું ધામ.

સમયની એ કિંમત સમજાવે,
ઘડિયાળ ઘણો સમય બચાવે.
સૂના ઘરમાં વસતી કરતું,
ટક ટક ટક ટક ઘડિયાળ કરતું.
ચોવીસ કલાક ચાલતું રહે,
ઘડિયાળ હર પળ સાવધ કરે.



## ૪૧. નાચે મોર

મેં એક મોરલો દીઠો'તો,
ઝાડ પાસે એ ફરતો'તો.
ડગ ભરતો ગૌરવથી મોર,
ટેહુક ટે...હુ...ક કરતો શોર.

કલગી માથે ડોલતી જાય,
ચકળ વકળ આંખો થાય.
મોર કળા કરે જ્યારે,
પીછાં સુંદર લાગે ત્યારે.

પીછાં ઉપર ચાંદલા શોભે,
હાથ ફેરવવા મનડું લોભે;
ડોલતો ડોલતો નાચે મોર,
ઢેલ આનંદે કરતી શોર.





## ૪૨. ગાય આવી

ગાય આવી આંગણ મારે,
બાએ ખવડાવ્યો ભાત ત્યારે;
ભાત ખાઈને આગળ ગઈ,
પાણી પીને ધરાઈ ગઈ.

ગાય સાંજે ઘેર જાશે,
માલિક એના ખુશ થાશે;
લીલું ઘાસ એને નીરશે,
કમળાકાકી દૂધ દો'શે.

તોડું દૂધ વાછરડી માટે,
કાકી નિત બાકી રાખે.
સેવા કરશે ગાયોની જે,
ઘી દૂધ ઘણાં પામશે તે.



## ૪૩. જોજો ને હું મોટો થઇશ

નાનો ભલે હું સૌથી નાનો,
જોજો ને બહુ મોટો થઈશ;
નિશાળે જઈ લખી વાંચીને,
જોજો ને હું પંડિત થઈશ.

આજ ભલે હું નાનો અમથો,
કાલ સવારે ઊંચો થઈશ.
ભણી ગણીને સાહેબ ટોપો;
માથે મારા પહેરી દઈશ.

આજ ભલે હું બાળક લાગું,
કાલ સવારે યુવાન થઈશ;
ભારત માની રક્ષા કરવા,
બહાદુર હું સૈનિક થઈશ.





## ૪૪. જાણે સ્વર્ગ નીચે આવ્યું!

મારા ગામના ખેડૂત સુખી,
દિવસ આખો કરતા કામ;

રાતે ભેગાં ભજન ગાતા,
ખેતર પકવે અનાજ તમામ.

ગોચર ઊગે ઘાસ લીલું,
પશુ ખાઈને તાજાં થાય;

ગામમાં રખડે, સીમમાં ભટકે,
સાંજે માલિક હાંકી જાય.

કોઈ વાછરડું પાડો પાડી,
બળદ ગાય ભેંસ સઘળાં;

ખેડૂત સૌને પ્રેમે પોષે,
મજૂરને ઘેર મરઘાં બકરાં.

શ્રમથી આબાદ ગામ મારું,
જાણે સ્વર્ગ નીચે આવ્યું;

કોઈ કદી ના ઝગડા કરતું,
સુખ શાંતિનું સપનું લાવ્યું.



## ૪૫. વકીલ સાહેબ

કાળા ઝબ્બામાં શોભતા;
વકીલ સાહેબ જુઓ.

એમની ઝપટે ચડે તે,
વગર મોંતે મુઓ!

કાયદાના જાણકાર એ,
ન્યાય માટે લડતા.

તોયે પૈસા કાજે પોતે,
સાચાનું ખોટું કરતા!

દલીલ કરે કોર્ટમાં,
જોરદાર ને જબરી,

મજબૂત કેસની કડીઓ પણ,
કરી નાખે નબળી!

વિશ્વાસ કરતાં વિચારજો,
વકીલો બહુ જ પાકા.

કેરીનો રસ ચૂસી લઈને,
ગોટલા નાખે આઘા!



## ૪૬. મમ્મી પપ્પા જાગે છે

સૂરજદાદા માથે છે,
ભગવાન આપણી સાથે છે;
ફરવા જઈએ ચાલો મિત્રો,
નાસ્તો લીધો સંગાથે છે.

સરોવરની પાળે સૌ ફરશું,
ચોકખા એના જલમાં તરશું.
પંખી સાથે વાતો કરશું,
ઉડતાં જલદી એ ભાગે છે.

સાંજ પહેલાં ઘેર જઈશું,
દૂધ બિસ્કીટ હોંશે ખઈશું;
સૂતા પહેલાં વાર્તા કહેવાય,
મમ્મી પપ્પા જાગે છે.



## ૪૭. મેઘધનુષ

જુઓ બાળકો મેઘધનુષ,
ગગન દીપાવતું ઈન્દ્રધનુષ;
સપ્તરંગી એ સાથિયા,
અધ્ધર આકાશે ચિતરીયા.

અદ્‌ભૂત ચિતારો કેવો એ,
અનાધાર જે રંગ પુરે.
નભને સુંદર શણગારીને,
કવિ હૃદયને ધબકાવે.

મેઘધનુષની શોભા ન્યારી,
દેવોને પણ એ છે પ્યારી.
વરસાદી મોસમની ભેટ,
સૂરજ વાદળના એ છે ખેલ.





## ૪૮. તળાવ પાળે

ગામ ભાગોળે તળાવ નાનું,
તળાવ પાળે વૃક્ષો દીઠાં.
વૃક્ષો ઉપર પંખીનું ગાણું,
ગીત એનાં કેવાં મીઠાં.

તળાવમાં છે ચોખ્ખું પાણી,
પાણીમાં માછલીઓ તરતી,
ડ્રાઉં ડ્રાઉં મેઢક વાણી,
ચોમાસે દિન રાત સંભળાતી.

પશુ આવે પીવા પાણી,
ગોવાળ વગાડે મીઠો પાવો.
તળાવ પાળે મજા માણી,
સૌ ઠંડકનો લેતા લ્હાવો.



## ૪૯. એકના સો દઇએ રી

સૌની સાથે સૌને માટે,
સૌના થઈને રહીએ જી;

સૌનું છે તે વ્હેંચી સૌએ,
સાથે બેસી ખઈએ રી.

એકલપેટા સ્વાર્થી થઈને,
દુનિયામાં ના જીવીએ જી;

કહેતી કુદરત સંદેશ એવો,
'એકના સો દઈએ રી.'

## ૫૦. દર્શન પ્રભુનાં

આકાશે ટમટમતા તારા,
અંધારામાં લાગે સારા;
પાછળ આવે ચાંદામામા,
આપે એ શીતળ અજવાળાં.

ગણાય ના ગગનના તારા,
જાણે આકાશે ફૂલની માળા.
અંધારી રાતે ઝબકે દીવડા,
કેવાં અદ્‌ભૂત દર્શન પ્રભુનાં.

સરિતાનું સંગીત મધુરું,
સાગરનું તો ગર્જન ઘેરું;
પહાડ જપતા જાપ પ્રભુના,
એમાં થાય દર્શન વિભુનાં.



## ૫૧. ચાલો દોસ્તો

ચાલો દોસ્તો ફરવા માટે,
રજા પડી છે રમવા માટ;
આટાપાટા ખૂબ રમશું,
પછી મંદિરમાં દર્શન કરશું.

વડ નીચે પરબ નાની,
ત્યાં પીશું ઠંડુ પાણી;
ઘેર આવીને વાળું કરશું,
પછી થોડું લેસન લખશું.

વાર્તા સાંભળશું દાદી પાસે,
ત્યારે મીઠી નીંદર આવે.
વહેલી સવારે ઊઠી જઈશું,
નાહી ધોઇ નિશાળે જઈશું.



# પર. ભાગો રે સૌ ભાગો

વાઘમામા ભૂખ્યા છેઃ
'ભાગો રે સૌ ભાગો;'

તેથી બહુ ખીજ્યા છેઃ
'ભાગો રે સૌ ભાગો.'

શિયાળ સૌથી પહેલું નાઠુંઃ
પાછળ એની સસલું;

ઠેકતું ઠેકતું હરણ બોલેઃ
'ભાગો રે સૌ ભાગો.'

લાંબા ડગલે ઊંટ ભાગ્યુંઃ
હાથી ડોલતો દોડે;

ફાળો ભરતો ઘોડો હહણેઃ
'ભાગો રે સૌ ભાગો.'

સૌનું જોઈને સિંહ નાઠોઃ
કારણ કશું ના પૂછ્યું;

વનનો રાજા પણ બૂમો પાડેઃ
'ભાગો રે સૌ ભાગો!'



# પ૩. સૌની ભેળાં

સૌની ભેળાં સંપે રહીએ,
શાંતિથી સૌ સાથે ફરીએ;
એકબીજાનો વ્હાલ કરીએ,
જીવીએ ને જીવવા પણ દઈએ.

ઝગડતાંને શાંત કરીએ,
ટંટો કદી ના કો'થી કરીએ;
ભૂખ્યું જો આંગણ કો આવે,
રોટલો દઈને પાણી પઈએ.

શાળામાં નિત ભણવા જઈએ,
સાંજે ફળિયામાં રમવા જઈએ;
રાતે પ્રભુની સ્તુતિ કરીએ,
ઊઠીને નિજ લેસન કરીએ.



## ૫૪. વ્હાલા પ્રભુજી વંદન મારાં

વ્હાલા પ્રભુજી વંદન મારાં,
બાળક નાનાં અમે તમારાં;
રમીએ પડીએ ઊભાં થઈએ,
ભણીએ ગણીએ ભૂલી જઈએ.

ચિંતા નથી કશી અમારે,
ખોળે છીએ પ્રભુ તમારે;
બાળક જાણી દર્શન દેજો,
પ્રભુ સદા અમ હૈયે રેજો.

સાચું બોલી સારું કરીએ,
પડેલાંને ઊભાં કરીએ;
દુઃખીનાં દુઃખ જાણી સમજી,
સદા સૌને મદદ કરીએ.





## ૫૫. છૂક છૂક ગાડી

છૂક છૂક કરતી રેલગાડી,
ચાલે જાણે પરણી લાડી;
ભીડ એમાં ના હોય ભારી,
ગામડાની એ નાની ગાડી.

એન્જિન ડબ્બા નાનાં એનાં,
ધીમે ઓળંગે નદી ખાડી.
કોલસા ખાઈને વરાળ કાઢે,
આજુબાજુ ખેતર વાડી.

નજીક નજીક સ્ટેશન આવે,
ઉતારું નિરાંતે ચઢે જાવે;
નાની તોયે લાગે પ્યારી,
છૂક છૂક મારા ગામની ગાડી.





## શ્રી ચંદ્રકાન્ત રાવનાં પુસ્તકો

**નવલકથા :-**

૧. પ્રેમદીવાની (ત્રણ આવૃત્તિ)

૨. આરાધના (ધારાવાહિક રૂપે પણ પ્રગટ)

૩. જેલમ જંપી ગઇ (બે આવૃત્તિ)

૪. સામે કાંઠે શ્યામ (બે આવૃત્તિ)

૫. રમત રમાડે રામ

૫.A સ્નેહવર્ષા (પ્રેમ દીવાનીની બીજી આવૃત્તિ)

૬. કુમકુમ પગલે

**વાર્તાસંગ્રહ :-**

૧. સ્નેહદીપ ૨. ઘરભણી

૩. આંબાની ડાળે ૪. પીળાં પાંદડાંની લીલાશ

**બાળકાવ્ય સંગ્રહ :-**

૧. છબછબિયાં ૨. ચાંદામામા પોળી

૩. મોહન મોરલીવાળો

૪. હસતો રમતો ગાય કનૈયો ૫.નંદ ઘેર આનંદ ભર્યો

૬. છૂક છૂક ગાડી

**કાવ્ય સંગ્રહ :-**

૧. ગોરી મારા ગામની

**ચિંતન લેખો :-**

૧. વિસામો





# લેખકનો પરિચય

નામ :- ચંદ્રકાન્ત હરગોવિંદદાસ રાવ.
**(M.A., M.Ed.)**

**જન્મ** :- ૨-૨-૧૯૩૦

**વતન** :- અછાલિયા (જિ.ભરૂચ)

**કર્મભૂમિ** :- વડોદરા (૧૯૪૦ થી...)

**અભ્યાસ :-** એમ.એસ.યુનિવર્સિટી, વડોદરામાંથી બી.એ. (ઓનર્સ), બી.એ., એમ.એડ્. જેવી ડિગ્રીઓ મેળવી. બી.એમાં આર.બી.જી.એચ. કાંટાવાલા પ્રાઇઝ અને એ.કે.ત્રિવેદી પ્રાઇઝ મેળવ્યાં. કોલેજ કાળથી જ લેખન વાચનનો શોખ. એમ.એ.ના અભ્યાસ દરમિયાન **F.S.R.** કાઉન્સીલમાં ચૂંટાયા.

- ૧૯૫૩ થી ૧૯૫૫ આચાર્ય : શ્રી નવદુર્ગા હાઈસ્કૂલ, ઉમલ્લા.
- ૧૯૫૬ થી ૧૯૮૮ શ્રી નારાયણ હાઈસ્કુલ વડોદરામાં અધ્યાપન કાર્ય.
- વડોદરા શહેર માધ્યમિક શિક્ષક સંઘમાં ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે ચૂંટાયા.
- મહારાજ સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા જેવી આંતરરાષ્ટ્રીયખ્યાત યુનિવર્સિટીની સેનેટમાં બે વાર

રસાકસીભરી ચૂંટણીમાં સેનેટર તરીકે ચૂંટાયા. 'ગુજરાત સમાચાર'માં 'દીવાદાંડી' અને 'સાંસારિકા' નામક સાપ્તાહિક કૉલેજના પૂર્વ કટારલેખક.

- ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ અમદાવાદમાં ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા.
- વડોદરા શહેર વાલી મંડળના પૂર્વમંત્રી અને ઉપપ્રમુખ.
- ગુજરાતની જાણીતી સાહિત્યિક સંસ્થા 'પ્રેમાનંદ સાહિત્ય સભા' વડોદરાના વર્તમાન પ્રમુખ અને ટ્રસ્ટી.
- ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર)ની સામાન્ય સભાના પ્રતિનિધિ (૨૦૦૩ થી...)
- ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ)ની મધ્યસ્થ સમિતિના સભ્ય (૨૦૦૫ થી...)
- 'પ્રેમદીવાની' થી 'કુમ કુમ પગલે' જેવી છ સામાજિક નવલકથાઓ અને ચાર નવલિકા સંગ્રહો ('સ્નેહદીપ' – 'ઘર ભણી' અને 'આંબાની ડાળે')ના લેખક તથા 'છબછબિયાં' અને 'ચાંદામામા પોળી' જેવા બાલકાવ્ય સંગ્રહોના કવિ. 'ગૌરી મારા ગામની' (કાવ્ય સંગ્રહ)ના કવિ.
- બે નવલકથાઓ ધારાવાહિક રૂપે પણ પ્રગટ થઈ છે.
- 'આકાશવાણી' પરથી વાર્તાઓ, કાવ્યો, નાટકો, ચિંતનલેખો વગેરે પ્રસારિત થયાં છે અને થાય છે. ટી.વી. પરથી નાટકો ટેલીકાસ્ય થયાં છે.



- **Reference India, Twentyeth century Distinguished who is who** અને **Indo Arab who is who** જેવાં પાંચેક આંતરાષ્ટ્રીય ગ્રંથોમાં શ્રી ચંદ્રકાન્તભાઈનો પરિચય દુનિયાના લબ્ધપ્રતિષ્ઠિત મહાનુભાવો સાથે પ્રગટ થયો છે.
- 'બ્રહ્મભટ્ટ મિત્ર મંડળ' વડોદરાના પૂર્વ મંત્રી અને 'વડોદરા બ્રહ્મભટ્ટ સમાજ'ના સ્થાપક પ્રમુખ.
- કારેલી બાગ, વડોદરામાં છાત્રાલય અને બે કોમ્યુનીટી હોલ સાથે વિશાળ કેમ્પસ ધરાવતી શૈક્ષણિક સંસ્થા શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંજળના પૂર્વ મંત્રી, ઉપપ્રમુખ, પ્રમુખ અને વર્તમાન ટ્રસ્ટી.
- 'ભટ્ટ ભાસ્કર' (માસિક)ના તંત્રી લગભગ ૨૫ વર્ષની તંત્રી તરીકેની સેવા.
- શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળે સન્માન કરી રૂા. એક લાખની થેલી શ્રી ચંદ્રકાન્તભાઈને અર્પણ કરી હતી, જેમાં રૂા. પાંચ હજાર ઉમેરી તેમણે સંસ્થાને પરત કરી હતી.
- તેમના ધર્મપત્ની સૌ. કલાબેન જાણીતા લેખક પત્રકાર સ્વ. શ્રી પ્રહલાદભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ)નાં પુત્રી છે.